સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 09

[FEB - 2020]
[23/02/20 to 29/02/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

ICE CURRENT NEWS
WEEK 09
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

### CURRENT TOPICS

- ઓડિશાના ભૂવનેશ્વરમાં ભારતના પ્રથમ 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ'નો પ્રારંભ
- World Air Quality Report 2019માં વિશ્વના સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતનું ગાઝિયાબાદ પ્રથમ
- ભારતમાં National Technical Textiles Missionની સ્થાપનાને કેન્દ્ર સરકારની મંજૂરી
- 'નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ' અંતર્ગત ગુજરાતના અમદાવાદમાં વિશ્વની બે મહાસત્તાઓનું ભાવભર્યું મિલન
- ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટીને 'આઉટલુક ટ્રાવેલર એવોર્ડ 2020' એનાયત
- ભારત અને બ્રિટનની એરફોર્સ વચ્ચે 'ઈન્દ્ર ધનુષ્ય અભ્યાસ 2020'નું આયોજન

www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 23 FEBRUARY, 2020 SUNDAY

### ➤ ઉત્તરપ્રદેશના સોનભદ્રમાં ખરેખર સોનું કેટલું ?




તાજેતરમાં ભારતમાં <u>ઉત્તરપ્રદેશ</u>ના <u>સોનભદ્ર</u> જિલ્લામાં સોનાનો ખૂબ જ વિશાળ જથ્થો મળી આવ્યો છે એવા સમાચાર વહેતા થતા આ વિષય ચર્ચાનો વિષય બન્યો હતો.

- આ અંગે સૌપ્રથમ ઉત્તરપ્રદેશના સોનભદ્ર જિલ્લાના ખનન અધિકારી **<u>શ્રી કે. રાયે</u>** જણાવ્યું હતું કે GSIને **<u>સોનભદ્ર</u>** જિલ્લાના **<u>સોન પહાડી</u>** અને **<u>હરદી</u>** વિસ્તારમાંથી લગભગ **<u>3000 ટન</u>** જેટલો સોનાનો ભંડાર મળી આવ્યો છે.
- અને તેની કિંમત આશરે 12 લાખ કરોડ જેટલી છે.
- આ માહિતી જાહેર થતાં જ બીજી અનેક વાતો વહેતી થઈ હતી કે આ સોનાના ભંડારથી દેશની મંદી દૂર થશે, ઉત્તરપ્રદેશ સરકારની તિજોરી છલકાઈ જશે...વગેરે.
- જોકે આ અંગે સ્પષ્ટતા કરતાં <u>GSI</u>ના ડાયરેક્ટર જનરલ **<u>શ્રી એમ. શ્રીધરે</u>** જણાવ્યું હતું કે, GSI દ્વારા આવી કોઈપણ પ્રકારની માહિતી આપવામાં આવી નથી. સોનભદ્ર જિલ્લામાં આટલી માત્રામાં સોનું હોવાનું કોઈ અનુમાન GSIએ લગાવ્યું નથી.
- GSI દ્વારા આ વિસ્તારમાં સંભવિત 52806.25 ટન ખનીજ હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. જેમાં પ્રતિ ટન 3.03 ગ્રામ સોનું નીકળવાની સંભાવના છે.
- આ હિસાબે આ જથ્થામાંથી **<u>માત્ર 160 કિલો સોનું</u>** જ મળી શકે તેમ છે.

#### GSI

<u>GSI</u>નું પૂરું નામ **<u>Geological Survey of India (ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ)</u>** છે.

- આ સંસ્થા ભૂસ્તરીય સર્વેક્ષણ અને અભ્યાસનું કાર્ય કરે છે.
- આ કાર્ય માટેની તે ભારતમાં <u>1767</u>માં સ્થપાયેલી <u>Survey of India</u> બાદ **<u>વિશ્વની બીજા નંબરની સૌથી જૂની સંસ્થા</u>** છે.
- તેની સ્થાપના <u>1851</u>માં થઈ હતી.
- તેનું વડું મથક **<u>પશ્ચિમ બંગાળ</u>**ના **<u>કોલકાતા</u>** ખાતે આવેલું છે.
- આ સંસ્થા ભારત સરકારના **<u>ખાણ મંત્રાલય</u>** અંતર્ગત કાર્ય કરે છે.

### ➤ ઓડિશાના ભૂવનેશ્વરમાં ભારતના પ્રથમ 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ'નો પ્રારંભ

22 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતમાં **<u>ઓડિશા</u>**ના **<u>ભૂવનેશ્વર</u>** ખાતે ભારતના **<u>પ્રથમ</u>** **<u>'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ'</u>**નો પ્રારંભ થયો છે.

- ભારતના વડાપ્રધાન **<u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>**એ **<u>વીડિયો કોન્ફરન્સ</u>**ના માધ્યમથી આ ગેમ્સનો શુભારંભ કરાવ્યો હતો.
- **<u>ઓડિશા</u>**ના **<u>ભૂવનેશ્વર</u>** ખાતે આવેલી <u>KIIT</u> એટલે કે <u>Kalinga Institute of Industrial Technology</u> નામની **<u>ડીમ્ડ યુનિવર્સિટી</u>**ના પ્રાંગણમાં તેનું આયોજન કરવામાં આવ્યું છે.
- ભારતમાં વર્ષ <u>2018</u>માં શરૂ થયેલા **<u>'ખેલો ઈન્ડિયા સ્કૂલ ગેમ્સ'</u>** અથવા તો **<u>'ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ'</u>**ની સફળતા બાદ વર્ષ <u>2020</u>થી આ **<u>'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ'</u>**નો શુભારંભ થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેમાં ભારતની વિવિધ કોલેજો અને યુનિવર્સિટીના આશરે 9000 જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે.
- ઓડિશા રાજ્ય સરકારના યજમાન પદે ભારત સરકારના Sports Authority of India અને KIIT યુનિવર્સિટીના સહયોગથી આ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) ભારતમાં રમત ગમતને પ્રોત્સાહન આપવા માટે અને તેમાં વધારેને વધારે ખેલાડીઓને જોડવા માટે ભારતમાં શરૂ થયેલા 'ખેલો ઈન્ડિયા' કાર્યક્રમ અંતર્ગત આ 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ'નો શુભારંભ કરવામાં આવ્યો છે.

(2) ભારતમાં 10થી 22 જાન્યુઆરી, 2020 દરમિયાન આસામના ગુવાહાટી ખાતે 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2020' અથવા તો 'ખેલો ઈન્ડિયા સ્કૂલ ગેમ્સ 2020'નું આયોજન થયું હતું.

(3) જ્યારે ભારતમાં 21-22 ફેબ્રુઆરી, 2020થી 1 માર્ચ, 2020 દરમિયાન ઓડિશાના ભૂવનેશ્વર ખાતે 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ'નું આયોજન કરવામાં આવ્યું છે.

(4) ખેલો ઈન્ડિયા સ્કૂલ ગેમ્સ 'ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ' તરીકે પણ ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ICE ? Questions

1. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં સોનાનો વિશાળ ભંડાર મળી આવ્યો હોવાના અહેવાલો પ્રસિદ્ધ થયા હતા?
   (A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) મધ્યપ્રદેશ (D) કર્ણાટક — **(A)**

2. તાજેતરમાં ઉત્તરપ્રદેશના કયા જિલ્લામાં સોનાનો વિશાળ ભંડાર મળી આવ્યો હોવાના અહેવાલો પ્રસિદ્ધ થયા હતા ?
   (A) પ્રયાગરાજ (B) વારાણસી (C) સોનભદ્ર (D) અયોધ્યા — **(C)**

3. ભારતમાં જીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI)નું વડું મથક કયાં આવેલું છે ?
   (A) નવી દિલ્હી (B) કોલકાતા (C) ચેન્નાઈ (D) બેંગાલુરુ — **(B)**

4. ભારતના કયા શહેરમાં ભારતના પ્રથમ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સનો પ્રારંભ થયો છે ?

(A) નવી દિલ્હી (B) ભોપાલ (C) ભૂવનેશ્વર (D) ગુવાહાટી — (C)

5. ભારતના ઓડિશાના ભૂવનેશ્વરની કઈ યુનિવર્સિટીમાં ભારતના પ્રથમ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સનું આયોજન થયું છે ?

(A) KIIT (B) KNIT (C) KEET (D) KEPT — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


# STI PRELIMS

## MOCK TEST

ફ્રી

OPEN TO ALL

આ ફ્રી પેપર પ્રેક્ટીસમાં દરેક વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે

દરેક પેપરના 200 માર્ક્સ અને 2 કલાક

| | |
|---|---|
| PAPER - 1 (full syllabus) | 08 MAR-20 |
| PAPER - 2 (full syllabus) | 15 MAR-20 |
| PAPER - 3 (full syllabus) | 22 MAR-20 |
| PAPER - 4 (full syllabus) | 29 MAR-20 |
| PAPER - 5 (full syllabus) | 05 APR-20 |
| PAPER - 6 (full syllabus) | 12 APR-20 |



- તાજેતરમાં GPSC CLASS 1/2 બનેલા ઓફિસર દ્વારા તૈયાર કરવામાં આવેલા પેપર
- પેપર અટેન્ડ કરવાની યોગ્ય પદ્ધતિ
- બે ઓપ્શન વચ્ચેની સંભાવનાઓમાં સચોટ જવાબ માટે કેલ્ક્યુલેટિવ રિસ્ક ટેક્નિક અંગે માર્ગદર્શન
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નોની વિશાળ શૃંખલા
- કન્સેપ્ચ્યુઅલ અને ફેક્ચ્યુઅલ ડેટાનું કોમ્બિનેશન

રાજકોટ 9375701110

અમદાવાદ 84695-01110

ગાંધીનગર 81406-01110

જૂનાગઢ 76985-01110

રજીસ્ટ્રેશન ફરજિયાત

રજીસ્ટ્રેશન માટે સેન્ટરનો સંપર્ક કરો.

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

icerajkotofficial | www.iceonline.in | icerajkot

## 24 FEBRUARY, 2020 MONDAY

### ➤ વૈજ્ઞાનિક ડો. નીતિ કુમારને SERB Women Excellence Award 2020 એનાયત




ભારતના યુવા મહિલા વૈજ્ઞાનિક ડો. નીતિ કુમારને વર્ષ 2020નો SERB Women Excellence Award એનાયત થયો છે.

- ડો. નીતિ કુમાર CSIR-CDRI લખનૌના વરિષ્ઠ મહિલા વૈજ્ઞાનિક છે.
- 28 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતમાં નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજાનાર 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ના સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે તેમને આ એવોર્ડ એનાયત થશે.
- ડો. નીતિ કુમારનું રિસર્ચ ગ્રૂપ મલેરિયા અંગે સંશોધન કરી રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPE

### SERB Women Excellence Award

ભારતમાં 40 વર્ષથી ઓછી ઉંમરના મહિલા વૈજ્ઞાનિકને આ પુરસ્કાર એનાયત થાય છે.

- વિવિધ રાષ્ટ્રીય અકાદમી તરફથી જેમને સમ્માન પ્રાપ્ત થયું હોય તેવા મહિલા વૈજ્ઞાનિકની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવે છે.
- આ પુરસ્કાર અંતર્ગત ભારત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના SERB એટલે કે Science and Engineering Research Board દ્વારા મહિલા સંશોધકોને 3 વર્ષ સુધી દર વર્ષે 5 લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે.

**નોંધ :** (1) વર્ષ 2020ના 'National Science Day'ની થીમ 'Women in Science' ('વિજ્ઞાનમાં મહિલા') છે.
(2) આથી, 28 ફેબ્રુઆરીને 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ના રોજ ડો. નીતિ કુમારને આ પુરસ્કાર એનાયત થશે.

### ICE Questions

1. તાજેતરમાં કયા મહિલાને SERB Women Excellence Award 2020થી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) ડો. નૈના ઠાકુર (B) ડો. નયના શાહ
(C) ડો. નેહા કુમારી (D) ડો. નીતિ કુમાર
**(D)**

2. ભારતમાં કેટલા વર્ષથી ઓછી ઉંમરના મહિલા વૈજ્ઞાનિકને SERB Women Excellence Awardથી સન્માનિત કરવામાં આવે છે ?
(A) 25 (B) 30 (C) 35 (D) 40
**(D)**

## 25 FEBRUARY, 2020 TUESDAY

### ➤ ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટીને 'આઉટલુક ટ્રાવેલર એવોર્ડ 2020' એનાયત




ગુજરાતના વિશ્વ પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટીને 'આઉટલુક ટ્રાવેલર એવોર્ડ 2020' એનાયત થયો છે.

- નવી દિલ્હી ખાતે યોજાયેલા સમારોહમાં 'આઉટલુક મેગેઝિન' દ્વારા આ એવોર્ડ એનાયત થયો હતો.
- 'આઉટલુક ટ્રાવેલર એવોર્ડ' એ પ્રવાસન ક્ષેત્રનો ભારતનો પ્રતિષ્ઠિત એવોર્ડ છે.
- 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' તેની સ્થાપના બાદ ખૂબ જ ટૂંકા સમયમાં ભારતનું શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ બની ગયું છે.
- આથી, સ્ટેચ્યુ ઓફ યુનિટીને ડેસ્ટીનેશન પ્રવાસન માટે આ 'આઉટલુક ટ્રાવેલર એવોર્ડ 2020' એનાયત થયો છે.

883+ ભરતી જાહેર

GPSC
ADVANCE BATCH
CLASS 1/2 • P.I.• S.T.I.• DY.SO • DY.MAM.
RFO • ACCOUNT OFFICER etc...

04-03-2020
સાંજે 6:30 થી 8:30

ફ્રી ટ્રાયલ લેક્ચર

બેઝિકથી ડેપ્થ સુધીની
સંપૂર્ણ તૈયારી

પ્રિલિમ્સ અને મેઈન્સની
સંયુક્ત તૈયારી

UPSC લેવલ Detail
Study Materials

FACTSની સાથે CONCEPT
આધારિત તૈયારી

GPSC CLASS 1 / 2ની
એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

32+
Weekly Test
FREE MEGA MOCK
TEST SERIES

પરીક્ષા પાસ
કરવાની આક્રમક
વ્યૂહરચના

કરંટ અફેર્સના
સ્પેશિયલ લેક્ચર

10%
DISCOUNT

ફ્રી રજિસ્ટ્રેશન ફરજિયાત
76985-01110 જૂનાગઢ

## ➤ ભારતમાં નવી દિલ્હી ખાતે પ્રથમ National Organic Food Festival યોજાયો

21થી 23 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ભારતમાં નવી દિલ્હી ખાતે National Organic Food Festival 2020 (રાષ્ટ્રીય જૈવિક ફૂડ ફેસ્ટિવલ 2020)નું આયોજન થયું હતું.

- ભારતમાં યોજાયેલો આ પ્રકારનો આ પ્રથમ ફેસ્ટિવલ હતો.
- ભારતમાં જૈવિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારના ફૂડ પ્રોસેસિંગ મંત્રાલય દ્વારા આ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ જૈવિક ફૂડ ફેસ્ટિવલની થીમ 'Unleasing India's Organic Market Potential' (ભારતની જૈવિક બજારની ક્ષમતા ખોલવી) હતી.

**નોંધ :** (1) કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ મંત્રાલય અનુસાર ભારત વિશ્વનું 9મા નંબરનું સૌથી મોટું જૈવિક કૃષિ બજાર છે.
(2) વર્ષ 2025 સુધીમાં ભારતમાં જૈવિક કૃષિનો વ્યાપાર વધારીને રૂ. 75,000 કરોડ સુધી લઈ જવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ 24 ફેબ્રુઆરી, 2020ના રોજ PM KISAN યોજનાને એક વર્ષ પૂર્ણ

24 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતમાં 'PM KISAN' યોજનાને એક વર્ષ પૂરું થઈ ગયું છે.

- 24 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતેથી આ યોજનાનો શુભારંભ કરાવ્યો હતો.

### PM KISAN યોજના

PM KISAN યોજનાનું પૂરું નામ Pradhan Mantri Kisan Samman Nidhi યોજના છે.

- ભારતમાં વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક ડબલ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.



- આથી, આ લક્ષ્યની પ્રાપ્તિ માટે ખેડૂતોને સહાય આપવાના ઉદ્દેશથી આ યોજના શરૂ કરવામાં આવી હતી.
- આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર ખેડૂતોને દર વર્ષે 6000 રૂપિયાની સહાય આપે છે.
- આ સહાય દર ચાર મહિને રૂ. 2000ના 3 હપ્તામાં (2000 × 3) સીધી જ ખેડૂતોના બેન્ક/પોસ્ટ ખાતામાં જ જમા થાય છે.
- શરૂઆતમાં ભારતમાં 2 હેક્ટર અથવા તો 5 એકર કે તેથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોને આ યોજનાનો લાભ મળતો હતો.
- જોકે 31 મે, 2019ના રોજ કેન્દ્રીય મંત્રી મંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર હવે દરેક ખેડૂતોને આ યોજનાનો લાભ મળે છે.
- આ માટે 2 હેક્ટર જમીનની અગાઉની મર્યાદા હવે હટાવી લેવામાં આવી છે.
- આ યોજના માટે એક વિશેષ વેબ પોર્ટલ www.pmkisan.gov.in લોન્ચ કરવામાં આવ્યું છે.

## ICE ? Questions

1. ભારતના કયા પ્રવાસન સ્થળને ડેસ્ટીનેશન પ્રવાસન માટે 'આઉટલુક ટ્રાવેલર એવોર્ડ 2020' એનાયત થયો છે?
(A) તાજમહેલ (B) લોથલ (C) સ્ટેચ્યુ ઓફ યુનિટી (D) લદાખ **(C)**

2. ફેબ્રુઆરી 2020 દરમિયાન ભારતના કયા શહેરમાં ભારતના પ્રથમ નેશનલ ઓર્ગેનિક ફૂડ ફેસ્ટિવલનું આયોજન થયું હતું ?
(A) નવી દિલ્હી (B) અમદાવાદ (C) ગાંધીનગર (D) જયપુર **(A)**

3. ભારતમાં PM-KISAN યોજનાનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
(A) 24 જાન્યુઆરી, 2019 (B) 24 ફેબ્રુઆરી, 2019
(C) 24 માર્ચ, 2019 (D) 24 એપ્રિલ, 2019 **(B)**

4. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 24 ફેબ્રુઆરી 2019ના રોજ ભારતના કયા શહેરમાંથી PM-KISAN યોજનાનો શુભારંભ કરાવ્યો હતો ?
(A) નાગપુર (B) પૂણે (C) લખનૌ (D) ગોરખપુર **(D)**

5. PM-KISAN યોજનાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેનું પૂરું નામ Pradhan Mantri Kisan Samman Nidhi છે.
2. તેમાં લાભાર્થી ખેડૂતને દર વર્ષે રૂ. 8000 સહાય આપવામાં આવે છે.
(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 26 FEBRUARY, 2020 WEDNESDAY

### ➤ ભારત અને બ્રિટનની એરફોર્સ વચ્ચે 'ઈન્દ્ર ધનુષ્ય અભ્યાસ 2020'નું આયોજન

24 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારત અને બ્રિટનની વાયુસેના વચ્ચે 'ઈન્દ્ર ધનુષ્ય અભ્યાસ 2020'નો પ્રારંભ થયો છે.

- આ અભ્યાસમાં ભારત તરફથી 42 ગરુડ કમાન્ડો અને બ્રિટનની રોયલ એર ફોર્સના 36 સ્પેશ્યલાઈઝડ્ યોદ્ધાઓ ભાગ લઈ રહ્યા છે.
- ભારતમાં ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ ખાતે આવેલા હિંડન એર ફોર્સ સ્ટેશનમાં આ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** હિંડન એર બેઝ એ એશિયાનું સૌથી મોટું અને વિશ્વનું આઠમા નંબરનું સૌથી મોટું એર બેઝ છે.


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

NOW AVAILABLE






ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

Available at amazon

વધુ માહિતી માટે CALL 93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ➤ 'Counter Cyclical Fiscal Policy' શું છે ?

વર્ષ <u>2024</u> સુધીમાં ભારતીય અર્થતંત્રને <u>5 ટ્રિલિયન ડોલર</u> સુધી લઈ જવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

- આથી, આ લક્ષ્યની પ્રાપ્તિ માટે ભારતની વર્તમાન આર્થિક મંદી દૂર કરવી જરૂરી છે.
- પરિણામે ભારતીય અર્થતંત્રમાં મંદી દૂર કરવા માટે કેન્દ્ર સરકારે આ <u>'Counter Cyclical Fiscal Policy' (પ્રતિ-ચક્રીય રાજકોષીય નીતિ)</u> અપનાવી છે.
- અર્થતંત્રની મંદી દૂર કરવા માટે આ પોલિસી અંતર્ગત <u>ટેક્સના દરોમાં ઘટાડો</u> કરવામાં આવે છે અને <u>ખર્ચમાં વધારો</u> કરવામાં આવે છે.
- તેનાથી દેશમાં માંગમાં વધારો થાય છે અને પરિણામે દેશમાં આર્થિક પ્રવૃત્તિઓમાં તેજી લાવી શકાય છે.
- આનાથી વિપરિત અર્થતંત્રમાં તેજીને કન્ટ્રોલમાં રાખવા માટે પણ આ પોલિસીનો ઉપયોગ કરી શકાય છે.
- તેજી દરમિયાન આ પોલિસી અંતર્ગત ટેક્સમાં વધારો કરવામાં આવે છે અને જાહેર ખર્ચમાં ઘટાડો કરવામાં આવે છે.

## ➤ મલેશિયાના ભારત વિરોધી વડાપ્રધાન મહાતિર મોહમ્મદનું વડાપ્રધાન પદેથી રાજીનામું



24 ફેબ્રુઆરી, 2020ના રોજ <u>મલેશિયા</u>ના વડાપ્રધાન <u>મહાતિર મોહમ્મદે</u> મલેશિયાના વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દીધું છે.

- તેમના પક્ષમાં આપસી મતભેદોને કારણે તેમણે આ રાજીનામું આપ્યું છે.
- રાજીનામા અગાઉ તેઓ <u>વિશ્વના સૌથી મોટી ઉંમરના સત્તાધારી વડાપ્રધાન</u> હતા.
- તાજેતરમાં તેઓ ભારત વિરોધી નિવેદનો માટે ચર્ચામાં રહ્યા હતા.
- ભારતમાં 'આર્ટિકલ 370'ની નાબૂદી બાદ તેમણે સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં ભારત વિરોધી નિવેદન આપ્યું હતું.
- તેમના આ નિવેદનના જવાબમાં ભારતે મલેશિયાથી પામ ઓઈલની આયાત ઓછી કરી દીધી હતી. જેનાથી મલેશિયાના પામ ઓઈલ બજારમાં મોટું નુકશાન થયું હતું.

**નોંધ :** (1) મહાતિર મોહમ્મદ મલેશિયાના <u>સાતમા</u> વડાપ્રધાન હતા.
(2) તેમના પક્ષનું નામ <u>Malaysian United Indigenous Party</u> અથવા તો <u>Parti Pribumi Bersatu Malaysia</u> છે.
(3) મલેશિયાની રાજધાની <u>કુઆલા લુમ્પુર</u> છે.
(4) મલેશિયાનું ચલણ <u>Ringgit</u> છે.

### ICE ? Questions

1. તાજેતરમાં ભારત અને કયા દેશની સેના વચ્ચે 'ઈન્દ્ર ધનુષ્ય અભ્યાસ 2020'નું આયોજન થયું હતું ?
   (A) ઓસ્ટ્રેલિયા (B) બ્રિટન (C) ફ્રાન્સ (D) જર્મની — **(B)**
2. ભારત અને બ્રિટનની કઈ સેના વચ્ચે 'ઈન્દ્ર ધનુષ્ય અભ્યાસ 2020'નું આયોજન થયું હતું ?
   (A) આર્મી (B) નેવી (C) એરફોર્સ (D) ઉપરોક્ત ત્રણેય — **(C)**

3. 'ઈન્દ્ર ધનુષ્ય અભ્યાસ 2020' ક્યાં યોજાયો હતો ?
(A) હિંડન એર બેઝ, ગોરખપુર, ઉત્તરપ્રદેશ (B) હિંડન એર બેઝ, ગાઝિયાબાદ, ઉત્તરપ્રદેશ
(C) હિંડન એર બેઝ, લખનૌ, ઉત્તરપ્રદેશ (D) હિંડન એર બેઝ, વારાણસી, ઉત્તરપ્રદેશ (B)

4. Counter Cyclical Fiscal Policy અથવા તો પ્રતિ ચક્રીય રાજકોષીય નીતિ અંતર્ગત અર્થતંત્રની મંદી દૂર કરવા માટે કયા પગલાં લેવામાં આવે છે ?
(A) ટેક્સના દરોમાં વધારો અને જાહેર ખર્ચમાં ઘટાડો
(B) ટેક્સના દરોમાં વધારો અને જાહેર ખર્ચમાં વધારો
(C) ટેક્સના દરોમાં ઘટાડો અને જાહેર ખર્ચમાં વધારો
(D) ટેક્સના દરોમાં ઘટાડો અને જાહેર ખર્ચમાં ઘટાડો (C)

5. તાજેતરમાં મહાતિર મોહમ્મદે કયા દેશના વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું છે ?
(A) ઈન્ડોનેશિયા (B) મલેશિયા (C) ફિલિપિન્સ (D) ઈરાક (B)

## 27 FEBRUARY, 2020 THURSDAY

### ➤ દિવસ મહિમા : 27 ફેબ્રુઆરી, World NGO Day

### ➤ ભારતનું 'દૈનિક ભાસ્કર' વિશ્વનું ત્રીજા નંબરનું સૌથી વધુ પ્રસાર સંખ્યા ધરાવતું સમાચાર પત્ર બન્યું

ભારતના દિવ્ય ભાસ્કર પરિવારનું સમાચાર પત્ર 'દૈનિક ભાસ્કર' વિશ્વનું ત્રીજા નંબરનું સૌથી વધુ પ્રસાર સંખ્યા ધરાવતું સમાચાર પત્ર બની ગયું છે.

- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વેન-ઈન્ફ્રા-વર્લ્ડ એસોસિએશન ઓફ ન્યૂઝ પબ્લિશર્સ રિપોર્ટ 2019 અનુસાર આ માહિતી પ્રસિદ્ધ થઈ છે.
- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં સૌથી વધુ પ્રસાર સંખ્યા ધરાવતા સમાચાર પત્રોમાં જાપાનનું 'યોમીઉરી શિંબુન' પ્રથમ ક્રમે છે.
- જ્યારે જાપાનનું જ 'અસાહી શિંબુન' આ યાદીમાં બીજા ક્રમે છે.
- ત્યારબાદ ભારતનું 'દૈનિક ભાસ્કર' ત્રીજા ક્રમે છે.

#### વિશ્વમાં સૌથી વધુ પ્રસાર સંખ્યા ધરાવતા સમાચાર પત્ર

| ક્રમ | સમાચાર પત્ર | દેશ | પ્રસાર સંખ્યા |
|---|---|---|---|
| 1 | યોમીઉરી શિંબુન | જાપાન | 81.2 લાખ |
| 2 | અસાહી શિંબુન | જાપાન | 56.0 લાખ |
| 3 | દૈનિક ભાસ્કર | ભારત | 43.2 લાખ |

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ World Air Quality Report 2019માં વિશ્વના સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતનું ગાઝિયાબાદ પ્રથમ



સ્વિત્ઝર્લેન્ડ અને અમેરિકા બેઈઝડ્ કંપની **IQAir** દ્વારા તાજેતરમાં **'Air Quality Report 2019'** પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર **વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત શહેરો**માં **ભારતનું ગાઝિયાબાદ** પ્રથમ ક્રમે છે.
- જ્યારે **ગાઝિયાબાદ** બાદ **ચીનનું હોટન બીજા** અને **પાકિસ્તાનનું ગુજરાનવાલા ત્રીજા** ક્રમે છે.
- આ ઉપરાંત આ રિપોર્ટ અનુસાર **વિશ્વના સૌથી વધુ 30 એર પ્રદૂષિત શહેરો**માં **ભારત**ના કુલ **21** શહેરોનો સમાવેશ થયો છે.

**વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત શહેરો**

| ક્રમ | શહેર | દેશ |
|---|---|---|
| 1 | ગાઝિયાબાદ | ભારત |
| 2 | હોટન | ચીન |
| 3 | ગુજરાનવાલા | પાકિસ્તાન |
| 4 | ફૈસલાબાદ | પાકિસ્તાન |
| 5 | દિલ્હી | ભારત |
| 6 | નોઈડા | ભારત |
| 7 | ગુરૂગ્રામ | ભારત |
| 8 | રાયવિન્ડ | પાકિસ્તાન |
| 9 | ગ્રેટર નોઈડા | ભારત |
| 10 | બન્ધવારી | ભારત |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

આ રિપોર્ટ અનુસાર વિશ્વના **98** દેશોમાંથી સૌથી વધુ હવાનું પ્રદૂષણ **બાંગ્લાદેશ**માં છે.

- જ્યારે **બાંગ્લાદેશ** બાદ **પાકિસ્તાન બીજા** અને **મોંગોલિયા ત્રીજા** ક્રમે છે.
- આ યાદીમાં **ભારત પાંચમા** ક્રમે છે. અને **બહામાસ અંતિમ 98મા** ક્રમે છે.

**વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત દેશો**

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | બાંગ્લાદેશ |
| 2 | પાકિસ્તાન |
| 3 | મોંગોલિયા |
| 4 | અફઘાનિસ્તાન |
| 5 | ભારત |
| 98 | બહામાસ |

આ ઉપરાંત આ રિપોર્ટ અનુસાર વિશ્વના વિવિધ દેશોની રાજધાનીમાંથી સૌથી વધુ એર પોલ્યુશન ભારતની રાજધાની દિલ્હીમાં છે.

- દિલ્હી બાદ બાંગ્લાદેશનું ઢાકા બીજા અને મોંગોલિયાનું ઉલાનબતાર આ યાદીમાં ત્રીજા ક્રમે છે.

**વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત રાજધાની શહેરો**

| ક્રમ | રાજધાની શહેર | દેશ |
|---|---|---|
| 1 | દિલ્હી | ભારત |
| 2 | ઢાકા | બાંગ્લાદેશ |
| 3 | ઉલાનબતાર | મોંગોલિયા |
| 4 | કાબુલ | અફઘાનિસ્તાન |
| 85 | નસાઉ | બહામાસ |

## ➤ ભારતમાં National Technical Textiles Missionની સ્થાપનાને કેન્દ્ર સરકારની મંજૂરી



26 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી આર્થિક બાબતોની મંત્રી મંડળ સમિતિએ ભારતમાં National Technical Textiles Mission (રાષ્ટ્રીય ટેક્નિકલ વસ્ત્ર મિશન)ની સ્થાપનાને મંજૂરી આપી દીધી છે.

- ભારતમાં આ મિશન અંતર્ગત 2020-21થી 2023-24 દરમિયાન 4 વર્ષમાં રૂ. 1480 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- ટેક્નિકલ ટેક્સટાઈલ્સ ક્ષેત્રમાં ભારતને વૈશ્વિક અગ્રણી બનાવવા માટે આ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMP

### આ મિશનના ઘટકો

- આ મિશનના મુખ્ય 4 ઘટકો છે.

(1) Research, Innovation and Development

(2) Promotion and Market Development

(3) Export Promotion

(4) Education, Training, Skill Development

### ટેક્નિકલ ટેક્સટાઈલ્સ ઉદ્યોગ

હાલ વિશ્વના ટેક્સટાઈલ્સ ઉદ્યોગનું કદ 250 અબજ ડોલરનું છે.

- જેમાંથી ભારતનો હિસ્સો લગભગ 6 ટકા છે.
- જ્યારે આ ઉદ્યોગનો સરેરાશ વાર્ષિક વૈશ્વિક વૃદ્ધિ દર 4 ટકા છે તેની સામે ભારતનો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર 12 ટકા છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ભારતમાં આ ઉદ્યોગનું ઘરેલુ બજારનું કદ **2024** સુધીમાં **40થી 50 અબજ ડોલર** સુધી લઈ જવાનું સરકારનું લક્ષ્ય છે.
- ભારત હાલ દર વર્ષે **રૂ. 14,000 કરોડ**ના ટેક્નિકલ વસ્ત્રની નિકાસ કરે છે.
- વર્ષ **2021-22** સુધીમાં આ નિકાસ વધારીને **રૂ. 20,000 કરોડ** કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

**નોંધ :** **Technical Textiles Product**ને તેના ઉપયોગને આધારે મુખ્યત્વે Agrotech, Buildtech, Clothtech, Geotech, Hometech, Indutech, Mobiltech, Meditech, Protech, Sportstech વગેરે જેવી **12 કેટેગરી**માં વહેંચવામાં આવે છે.

## ICE Questions

1. 'World NGO Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 25 ફેબ્રુઆરી (B) 26 ફેબ્રુઆરી (C) 27 ફેબ્રુઆરી (D) 28 ફેબ્રુઆરી **(C)**

2. વેન ઈન્ફ્રા રિપોર્ટ 2019 અનુસાર ભારતનું કયું સમાચાર પત્ર વિશ્વનું ત્રીજા નંબરનું સૌથી વધુ પ્રસાર સંખ્યા ધરાવતું સમાચાર પત્ર બની ગયું છે ?
   (A) ધ હિન્દુ (B) ટાઈમ્સ ઓફ ઈન્ડિયા
   (C) હિન્દુસ્તાન ટાઈમ્સ (D) દૈનિક ભાસ્કર **(D)**

3. IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા Air Quality Report 2019 અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત શહેરોમાં ભારતનું કયું શહેર પ્રથમ ક્રમે છે ?
   (A) નવી દિલ્હી (B) ગોરખપુર (C) ગાઝિયાબાદ (D) નોઈડા **(C)**

4. IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા Air Quality Report 2019 અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત દેશોમાં કયો દેશ પ્રથમ ક્રમે છે ?
   (A) પાકિસ્તાન (B) ભારત (C) બાંગ્લાદેશ (D) મોંગોલિયા **(C)**

5. IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા Air Quality Report 2019 અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત દેશોમાં ભારત કયા ક્રમે છે ?
   (A) ત્રીજા (B) ચોથા (C) પાંચમા (D) છઠ્ઠા **(C)**

6. IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા Air Quality Report 2019 અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત રાજધાની શહેરોમાં કઈ રાજધાની પ્રથમ ક્રમે છે ?
   (A) દિલ્હી (B) ઢાકા (C) ઉલાનબતાર (D) કાબુલ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. ટેક્નિકલ ટેક્સટાઈલ્સના ક્ષેત્રમાં ભારતને વૈશ્વિક અગ્રણી બનાવવા માટે કેન્દ્ર સરકારે ભારતમાં કયા મિશનની સ્થાપનાને મંજૂરી આપી છે ?

(A) National Technical Textiles Mission (B) International Technical Textiles Mission

(C) Central Technical Textiles Mission (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

8. ભારતમાં સ્થપાનાર 'નેશનલ ટેક્નિકલ ટેક્સટાઈલ્સ મિશન'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આ મિશનનો સમયગાળો 2020-21થી 2023-24 દરમિયાન 4 વર્ષનો રહેશે.
2. આ મિશન પાછળ આશરે રૂ. 1480 કરોડનો ખર્ચ થશે.

(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**


## 28 FEBRUARY, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 28 ફેબ્રુઆરી, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (National Science Day)

ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 28 ફેબ્રુઆરી, 1928ના રોજ ભારતના પ્રસિદ્ધ ભૌતિક શાસ્ત્રી સર ચંદ્રશેખર વેંકટ રામને 'રામન ઈફેક્ટ'ની શોધ કરી હતી.
- આથી તેની યાદમાં ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2020ની 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની થીમ 'Women in Science' ('વિજ્ઞાનમાં મહિલાઓ') છે.

**નોંધ :** 'રામન ઈફેક્ટ'ની શોધ માટે સર ચંદ્રશેખર વેંકટરામન (અથવા તો શ્રી સી. વી. રામન)ને વર્ષ 1930માં ફિઝિક્સ (ભૌતિક શાસ્ત્ર)નો નોબલ પુરસ્કાર એનાયત થયો હતો.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતમાં સમુદ્રના ખારા પાણીને પીવાલાયક મીઠા પાણી બનાવવા માટે 4 સ્થળોએ ડિસેલીનેશન પ્લાન્ટ સ્થાપવા કરાર

ગુજરાતમાં **સૌરાષ્ટ્ર કચ્છ** વિસ્તારના દરિયાકિનારે સમુદ્રના ખારા પાણીને પીવાલાયક મીઠા પાણી બનાવવા માટે **4 સ્થળોએ ડિસેલીનેશન પ્લાન્ટ** સ્થાપવા ગુજરાત સરકારે કરાર કર્યા છે.

- આ અંતર્ગત ગુજરાતમાં **ગાંધીનગર** ખાતે મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના પાણી પૂરવઠા વિભાગ હસ્તકની **'ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ'** એક **સ્પેશિયલ પર્પઝ વ્હિકલ (SPV)** સાથે સમજૂતી કરાર કર્યા છે.
- આ SPV એ મુંબઈની **શાપુરજી પાલનજી એન્ડ કંપની** તથા **એક્વાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમિટેડ**ની જોઈન્ટ વેન્ચર છે.
- આ કરાર મુજબ ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છમાં સમુદ્રના ખારા પાણીને પીવાલાયક મીઠું પાણી બનાવવા માટે **દેવભૂમિ દ્વારકા, ભાવનગર, કચ્છ અને ગીર સોમનાથ જિલ્લા**માં કુલ **4 સી-વોટર ડિસેલીનેશન પ્લાન્ટ** સ્થાપવામાં આવશે.
- આ અંતર્ગત ગુજરાતમાં નીચેના **ચાર ગામો પાસે** આ ડિસેલીનેશન પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે.

| ક્રમ | ગામ | જિલ્લો |
|---|---|---|
| 1 | ગાંધવી | દેવભૂમિ દ્વારકા |
| 2 | ઘોઘા | ભાવનગર |
| 3 | ગુંદીયાલી | કચ્છ |
| 4 | વડોદરા ઝાલા | ગીર સોમનાથ |

**નોંધ :** આ 4 ડિસેલીનેશન પ્લાન્ટની સ્થાપનાથી ગુજરાતમાં દૈનિક 27 કરોડ લિટર સમુદ્રના ખારા પાણીને પીવાલાયક મીઠું પાણી બનાવવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 26 ફેબ્રુઆરી (B) 27 ફેબ્રુઆરી (C) 28 ફેબ્રુઆરી (D) 29 ફેબ્રુઆરી — **(C)**

2. ભારતમાં કોનો જન્મદિન 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવાય છે ?
   (A) સર ચંદ્રશેખર વેંકટ રામન (B) ડો. હરગોવિંદ ખુરાના
   (C) શ્રી સત્યેન્દ્રનાથ બોઝ (D) ત્રણમાંથી કોઈ નહિ — **(D)**

3. વર્ષ 2020ની 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની થીમ શું છે ?
   (A) Science for Women (B) Science for Nature
   (C) Women in Science (D) Science for People — **(C)**

4. ગુજરાતના કેટલા સ્થળોએ સમુદ્રના ખારા પાણીને પીવાલાયક મીઠું પાણી બનાવવા માટે ગુજરાત સરકારે કરાર કર્યા છે ?
   (A) 4 (B) 5 (C) 6 (D) 8 — **(A)**

5. ગુજરાતના કયા ચાર જિલ્લાઓમાં ખારા પાણીને પીવાલાયક મીઠું પાણી બનાવવા ડિસેલીનેશન પ્લાન્ટની સ્થાપના માટે ગુજરાત સરકારે કરાર કર્યા છે ?
(A) કચ્છ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર
(B) કચ્છ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, જામનગર
(C) કચ્છ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર
(D) કચ્છ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, અમરેલી
(C)

6. ગુજરાતના કયા ચાર સ્થળોએ સમુદ્રના ખારા પાણીને મીઠું પીવાલાયક પાણી બનાવવા માટે ડિસેલીનેશન પ્લાન્ટ સ્થાપવા ગુજરાત સરકારે કરાર કર્યા છે ?
(A) ગાંધવી, ઘોઘા, વડોદરા ઝાલા, ગુંદીયાલી
(B) ગાંધવી, ઘોઘા, વડોદરા ઝાલા, બોરીયાલી
(C) ગાંધવી, ઘોઘા, વડોદરા ઝાલા, શિયાણી
(D) ગાંધવી, ઘોઘા, વડોદરા ઝાલા, સવલાણા
(A)

7. ગુજરાતના 4 જિલ્લાઓમાં નવા ડિસેલીનેશન પ્લાન્ટની સ્થાપના માટે ગુજરાત સરકારે કયા SPV અથવા તો સ્પેશિયલ પર્પઝ વ્હિકલ સાથે કરાર કર્યા છે ?
(A) શાપુરજી પાલનજી એન્ડ કંપની
(B) એક્વાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમિટેડ
(C) A અને B બંનેના જોઈન્ટ વેન્ચર
(D) ત્રણમાંથી કોઈ નહિ
(C)

## 29 FEBRUARY, 2020 SATURDAY

### ➤ વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં પેટ્રોલપંપ ખાતેના ગુજરાતના પ્રથમ વિદ્યુત વાહન ચાર્જિંગ સ્ટેશનનો પ્રારંભ

ગુજરાતમાં **વડોદરા** શહેરના **કારેલીબાગ** વિસ્તારમાં પેટ્રોલ પંપ ખાતેના **ગુજરાતના પ્રથમ વિદ્યુત વાહન ચાર્જિંગ સ્ટેશન**નો પ્રારંભ થયો છે.

- ભારતની જાહેર ક્ષેત્રની પેટ્રોલિયમ કંપની **HPCL** દ્વારા **વડોદરા** ખાતે આ વિદ્યુત વાહન ચાર્જિંગ સ્ટેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- સૌજન્ય રૂપે આ ચાર્જિંગ સ્ટેશનમાં હાલ ચાર્જિંગ માટે વપરાતી વીજળીનો ખર્ચ જ વસૂલવામાં આવશે.

**નોંધ :** (1) HPCL દ્વારા તબક્કાવાર વડોદરામાં 3 અને સુરતમાં આવા 4 ઈલેક્ટ્રોનિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશન શરૂ કરવાની યોજના છે.
(2) HPCLનું પૂરું નામ Hindustan Petroleum છે.

### ➤ જાપાનના વૈજ્ઞાનિકોએ પ્રેમ અને પીડા એમ બંને અનુભવી શકતો 'એફેક્ટો' નામનો રોબોટ બનાવ્યો

**જાપાન**ના વૈજ્ઞાનિકોએ એક એવો રોબોટ બનાવવામાં સફળતા મેળવી છે કે જે **પ્રેમ અને પીડા** બંને અનુભવી શકે છે.

- આ રોબોટ કોમળ સ્પર્શ અને કઠોર સ્પર્શ પારખી શકે છે અને તે મુજબ તેના ચહેરા પરના હાવભાવ પણ બદલાય છે.
- તાજેતરમાં **જાપાન**ની **ઓસાકા યુનિવર્સિટી**ની ટીમે આ રોબોટનો વીડિયો જારી કર્યો છે.
- આ રોબોટને **પ્રો. અસાદા**એ **'એફેક્ટો'** નામ આપ્યું છે. જેનો અર્થ થાય છે **'પ્રેમ'**.

**નોંધ :** મનુષ્ય જેવા રોબોટ હોવા એ નવી વાત નથી પણ તેનામાં લાગણીઓ લાવવી એ બહુ મોટી સફળતા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 'નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ' અંતર્ગત ગુજરાતના અમદાવાદમાં વિશ્વની બે મહાસત્તાઓનું ભાવભર્યું મિલન




તાજેતરમાં 24 અને 25 ફેબ્રુઆરી, 2020ના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ** તેમના પરિવાર સહિત 2 દિવસ માટે ભારતની મુલાકાતે આવ્યા હતા.

- તેમની આ મુલાકાત દરમિયાન 24 ફેબ્રુઆરી, 2020ના રોજ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગત માટે **અમદાવાદ**ના **મોટેરા સ્ટેડિયમ**માં **'નમસ્તે ટ્રમ્પ'** નામથી એક ભવ્ય કાર્યક્રમનું આયોજન થયું હતું.
- અમદાવાદનું નવનિર્મિત મોટેરા સ્ટેડિયમ **વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ** છે.
- આ સ્ટેડિયમમાં વિશ્વની સૌથી જૂની લોકશાહીનું વિશ્વની સૌથી મોટી લોકશાહી સાથે ભાવભર્યું મિલન થયું હતું.


ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS


### અમેરિકાના રાષ્ટ્રપતિની વિવિધ સ્થળોની મુલાકાત

તેમના બે દિવસના પ્રવાસમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ, અમેરિકાના ફર્સ્ટ લેડી સુશ્રી મેલાનિયા ટ્રમ્પ, તેમની દીકરી સુશ્રી ઈવાન્કા ટ્રમ્પ અને તેમના જમાઈ શ્રી જેરેડ કુશનરે ભારતના વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી.

- જેમાંથી શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે નીચેના સ્થળોની મુલાકાત લીધી હતી :

| ક્રમ | સ્થળ | શહેર |
|---|---|---|
| 1 | સાબરમતી આશ્રમ | અમદાવાદ |
| 2 | મોટેરા સ્ટેડિયમ | અમદાવાદ |
| 3 | તાજ મહેલ | આગ્રા |
| 4 | રાજઘાટ | નવી દિલ્હી |
| 5 | રાષ્ટ્રપતિ ભવન | નવી દિલ્હી |
| 6 | હૈદરાબાદ હાઉસ | નવી દિલ્હી |


### ભારત અને અમેરિકા વચ્ચે કરાર

શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની આ ભારત મુલાકાત દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે **ત્રણ સહમતિ પત્ર** પર હસ્તાક્ષર થયા છે.

- જેના મુખ્ય વિષયો આ પ્રમાણે છે :

(1) **માનસિક સ્વાસ્થ્ય**

(2) **ચિકિત્સા ઉત્પાદનોની સુરક્ષા અને**

(3) **ઓઈલ સેક્ટર**

- આ અંતર્ગત **ભારત**ની **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ** અને **એક્સોનમોબિલ ઈન્ડિયા એલ.એન.જી.** તેમજ **અમેરિકા**ની **ચાર્ટ ઈન્ડસ્ટ્રીઝ ઈન્ક.** વચ્ચે **ઓઈલ** સેક્ટરમાં કરાર થયા છે.
- આ ઉપરાંત ભારત અને અમેરિકા વચ્ચે **3 અબજ ડોલર**ના સંરક્ષણ સોદા ઉપર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- જેમાં અમેરિકા ભારતને –
  (1) 24 નંગ MH-60 રોમિયો હેલિકોપ્ટર અને
  (2) 6 નંગ AH-64 અપાચે હેલિકોપ્ટર વેચશે.

## અમેરિકા ભારતનો સૌથી મોટો વ્યાપારી ભાગીદાર દેશ બન્યો

વર્ષ 2013-14થી 2017-18 દરમિયાન ચીન ભારતનો સૌથી મોટો વ્યાપારી ભાગીદાર દેશ હતો.

- જોકે નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે આશરે 88 અબજ ડોલરનો દ્વિપક્ષીય વિદેશ વ્યાપાર થયો છે.
- જ્યારે આ સમયગાળા દરમિયાન ભારત અને ચીન વચ્ચે 87.1 અબજ ડોલરનો દ્વિપક્ષીય વ્યાપાર થયો છે.
- આ સાથે જ ચીનને પાછળ રાખીને અમેરિકા ભારતનો સૌથી મોટો વ્યાપારી ભાગીદાર દેશ બની ગયો છે.
- આ ઉપરાંત એપ્રિલથી ડિસેમ્બર, 2019-20 દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે 68 અબજ ડોલરનો દ્વિપક્ષીય વ્યાપાર થયો હતો. જ્યારે આ સમયગાળા દરમિયાન ભારત અને ચીન વચ્ચે 65 અબજ ડોલરનો દ્વિપક્ષીય વ્યાપાર થયો હતો.

## અમેરિકા ભારતનો ટ્રેડ સરપ્લસ દેશ

અમેરિકાનો સમાવેશ ભારતના Trade Surplus દેશોમાં થાય છે.

- એટલે કે અમેરિકામાંથી ભારતમાં થતી આયાતના પ્રમાણમાં ભારતમાંથી અમેરિકામાં થતી નિકાસનું પ્રમાણ વધારે છે.
- વર્ષ 2018-19 દરમિયાન અમેરિકા સાથે ભારતની Trade Surplus 16.9 બિલિયન ડોલર હતી.
- જ્યારે ચીનનો સમાવેશ ભારતના Trade Deficit દેશોમાં થાય છે.
- એટલે કે ચીન સાથેના વ્યાપારમાં ભારતમાંથી ચીનમાં થતી નિકાસના પ્રમાણમાં ચીનમાંથી ભારતમાં થતી આયાતનું પ્રમાણ વધારે છે.
- વર્ષ 2018-19માં ચીન સાથે ભારતની વેપાર ખોટ (Trade Deficit) 53.6 બિલિયન ડોલર હતી.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-અમેરિકા રિલેશન અને તેનું કૂટનીતિક મહત્ત્વ

ભારત માટે અમેરિકા સૌથી અગત્યનો કૂટનીતિક ભાગીદાર (Strategic Partner) દેશ છે.

- પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતનો સૌથી અગત્યનો સાથીદાર છે.
- આ ઉપરાંત એશિયન દેશોમાં પોતાનું વર્ચસ્વ વધારી રહેલા અને વિશ્વની મહાસત્તા બનવાનું સ્વપ્ન જોઈ રહેલા ભારતના પાડોશી દેશ ચીનનો સામનો કરવા માટે પણ વ્યૂહાત્મક રીતે ભારત માટે અમેરિકાનું વિશેષ મહત્ત્વ છે.
- તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ ભારતની મુલાકાતે આવ્યા હતા.
- શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ ભારતની મુલાકાતે આવનારા અમેરિકાના સાતમા રાષ્ટ્રપતિ હતા.
- આ ઉપરાંત શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ ભારતમાં પરિવાર સહિત આવ્યા હતા. પોતાના પરિવાર સાથે શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે કોઈ દેશની મુલાકાત લીધી હોય એવી આ લગભગ પ્રથમ ઘટના હતી.
- શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની આ મુલાકાતથી ભારત સાથે અમેરિકાના સંબંધો વધુ ગાઢ થયા છે.

**નોંધ :** (1) શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની ભારતની વર્તમાન મુલાકાત બાદ ભારત અને અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં **'એક મોટા વ્યાપારી કરાર' (Trade Deal)** થવાની સંભાવના છે.

(2) વર્ષ **2024** સુધીમાં ભારતને **5 ટ્રિલિયન ડોલર**ની અર્થવ્યવસ્થા બનાવવાનું સરકારનું લક્ષ્ય છે. આ લક્ષ્યાંક હાંસલ કરવા માટે અમેરિકા સાથેની ભારતની આ ટ્રેડ ડીલ ખૂબ જ અગત્યની સાબિત થઈ શકે તેમ છે.

## ICE ? Questions

1. ગુજરાતના કયા શહેરમાં પેટ્રોલપંપ ખાતેના ગુજરાતના પ્રથમ વિદ્યુત વાહન ચાર્જિંગ સ્ટેશનનો પ્રારંભ થયો છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડોદરા (D) સુરત **(C)**

2. કઈ કંપની દ્વારા ગુજરાતના વડોદરામાં પેટ્રોલપંપ ખાતેના ગુજરાતના પ્રથમ વિદ્યુત વાહન ચાર્જિંગ સ્ટેશનનો પ્રારંભ થયો છે ?
(A) ONGC (B) HPCL (C) BPCL (D) IOC **(B)**

3. તાજેતરમાં કયા દેશના વૈજ્ઞાનિકોએ પ્રેમ અને પીડા એમ બંને અનુભવી શકે એવા રોબોટને બનાવવામાં સફળતા મેળવી છે ?
(A) અમેરિકા (B) ચીન (C) જાપાન (D) રશિયા **(C)**

4. જાપાને બનાવેલા પ્રેમ અને પીડા એમ બંને અનુભવી શકતા રોબોટનું શું નામ આપવામાં આવ્યું છે ?
(A) એરિક (B) એસેટ (C) એલ્વિન (D) એફેટ્ટો **(D)**

5. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગત માટે ભારતમાં અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે કયા કાર્યક્રમનું આયોજન થયું હતું ?
(A) નમસ્તે ટ્રમ્પ (B) પ્રણામ ટ્રમ્પ (C) કેમ છો ટ્રમ્પ (D) હાઉ ડી ટ્રમ્પ **(A)**

6. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં તેમની ભારત મુલાકાત દરમિયાન નીચેનામાંથી કયા સ્થળની મુલાકાત લીધી હતી ?
(A) સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગુજરાત (B) સાબરમતી રિવર ફ્રન્ટ, અમદાવાદ
(C) મહાત્મા મંદિર, ગાંધીનગર (D) ત્રણમાંથી કોઈ નહિ **(D)**

7. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે કયા ત્રણ સેક્ટર અથવા તો વિષયો અંગેના ત્રણ સહમતિ પત્ર પર હસ્તાક્ષર થયા છે ?
(A) માનસિક સ્વાસ્થ્ય, ચિકિત્સા ઉત્પાદનોની સુરક્ષા, ઓઈલ સેક્ટર
(B) માનસિક સ્વાસ્થ્ય, ચિકિત્સા ઉત્પાદનોની સુરક્ષા, ટેક્સટાઈલ સેક્ટર
(C) માનસિક સ્વાસ્થ્ય, ચિકિત્સા ઉત્પાદનોની સુરક્ષા, એગ્રિકલ્ચર સેક્ટર
(D) માનસિક સ્વાસ્થ્ય, ચિકિત્સા ઉત્પાદનોની સુરક્ષા, ફૂડ પ્રોસેસિંગ સેક્ટર **(A)**

8. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે કયા સ્થળે ત્રણ સહમતિ પત્ર પર હસ્તાક્ષર થયા છે ?
(A) રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી (B) વિજ્ઞાન ભવન, નવી દિલ્હી
(C) હૈદરાબાદ હાઉસ, નવી દિલ્હી (D) મોટેરા સ્ટેડિયમ, અમદાવાદ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન ભારતે અમેરિકા પાસેથી કયા હેલિકોપ્ટર ખરીદવા માટે કરાર કર્યા છે ?
(A) MH-60 રોમિયો (B) AH-64 અપાચે (C) A અને B બંને (D) ત્રણમાંથી કોઈ નહિ — **(C)**

10. શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન ભારતે અમેરિકા પાસેથી કેટલા MH-60 રોમિયો હેલિકોપ્ટર ખરીદવા માટે કરાર કર્યા છે ?
(A) 6 (B) 8 (C) 12 (D) 24 — **(D)**

11. શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન ભારતે અમેરિકા પાસેથી કેટલા AH-60 અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે કરાર કર્યા છે ?
(A) 6 (B) 8 (C) 10 (D) 12 — **(A)**

12. વર્ષ 2018-19 દરમિયાન કયો દેશ ભારતનો સૌથી મોટો વ્યાપારી ભાગીદાર દેશ બની ગયો છે ?
(A) ચીન (B) અમેરિકા (C) રશિયા (D) ઈઝરાયેલ — **(B)**

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતના ખેડૂતોએ વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવવા માટે 'આઈ ખેડૂત પોર્ટલ' ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે

ગુજરાતના ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા www.ikhedut.gujarat.gov.in પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. તાજેતરમાં વર્ષ 2020-21 માટે વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે ખેડૂતોએ 30 એપ્રિલ, 2020 સુધીમાં અરજી કરવાની રહેશે. 1 માર્ચ, 2020થી 30 એપ્રિલ, 2020 સુધી ખેડૂતો માટે ઓનલાઈન અરજી કરવા 'આઈ ખેડૂત પોર્ટલ' ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

### ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગુજરાતના ગાંધીનગરમાં 25મા વસંતોત્સવનો શુભારંભ

25 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતે 25મા વસંતોત્સવનો શુભારંભ કરાવ્યો છે. ગુજરાતમાં ઉજવાતા આ કલા ઉત્સવમાં હસ્તકલા કારીગરી, ક્રાફ્ટ બજાર અને વિવિધ રાજ્યોના ખાન, પાન, વ્યંજન એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

## ➤ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા 'સરસ મેળા'ને મળી અપ્રિતમ સફળતા

તાજેતરમાં ગુજરાતમાં **અમદાવાદ**ના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે **'સરસ મેળા'**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ **ગ્રામીણ સ્વસહાય જૂથો** દ્વારા ઉત્પાદિત કરવામાં આવતી વિવિધ કલાત્મક ચીજ વસ્તુઓના વેચાણને પ્રોત્સાહન આપવાનો હતો. જેમાં મળેલી સફળતા બાદ હવે માર્ચ, 2020 દરમિયાન ગુજરાતના **સુરત** ખાતે પણ **'સરસ મેળા'**નું આયોજન કરવામાં આવશે.

## ➤ ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી - કેવડીયા ખાતે ઝુલોજીકલ સફારી પાર્કનો પ્રારંભ

તાજેતરમાં ગુજરાતમાં **સ્ટેચ્યુ ઓફ યુનિટી - કેવડીયા કોલોની** ખાતે પ્રાયોગિક ધોરણે પ્રવાસીઓ માટે વિશ્વ કક્ષાનો **ઝુલોજીકલ સફારી પાર્ક** ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ પાર્કમાં લગભગ 62 જાતના 1000થી વધુ પશુપક્ષીઓ જોવા મળશે. કેવડીયા ખાતે શરૂ થયેલા આ સફારી પાર્કને **'સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક'** નામ આપવામાં આવ્યું છે.

# ભારત

## ➤ ભારતમાં 'પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના' હવે મરજીયાત રહેશે

અતિ વૃષ્ટિ, દુષ્કાળ વગેરે જેવી કુદરતી આફતોના કારણે પાકને થતા નુકશાનની સામે ખેડૂતોને યોગ્ય વળતર મળી રહે તે માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **13 જાન્યુઆરી, 2016**ના રોજ **'પ્રધાન મંત્રી ફસલ (અથવા તો પાક) વીમા યોજના'**નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ વીમો અગાઉ પાક લોન લેતા ખેડૂતો માટે **ફરજિયાત** હતો. જોકે, કેન્દ્ર સરકારે હવે તેને **મરજીયાત** કરી દીધો છે. આ યોજના અંતર્ગત ખેડૂતોને પ્રિમિયમમાં રાહત આપવા માટે થતા ખર્ચમાં **કેન્દ્ર-રાજ્ય**નો હિસ્સો **50-50 ટકા** છે. પણ હવે **પૂર્વોત્તરના રાજ્યો** માટે **કેન્દ્ર સરકાર 90 ટકા** હિસ્સો ચૂકવશે. આથી પૂર્વોત્તરના રાજ્યોએ આ માટે **10 ટકા** રકમ ચૂકવવાની રહેશે.

## ➤ ભારતના કર્ણાટકમાંથી લિથિયમનો 14 હજાર ટન જેટલો જથ્થો મળ્યો

ભારતમાં **કર્ણાટક**ના **બેંગાલુરુ**થી આશરે 100 કિમી દૂર આવેલા **માંડિયા**ની ધરતીમાંથી **લિથિયમ**નો 14 હજાર ટન જેટલો જથ્થો મળી આવ્યો છે. ભારતમાં **'એટોમિક એનર્જી કમિશન'**ના **'એટોમિક મિનરલ ડિરોક્ટરેટ'** નામના વિભાગના સંશોધકોએ આ જથ્થો શોધી કાઢયો છે. લિથિયમ એ એક દુર્લભ ધાતુ છે. **મોબાઈલ ફોન**ની **બેટરી**માં આ ધાતુનો ઉપયોગ થાય છે. મોબાઈલ ફોનની બેટરી **લિથિયમ આયન**ની બનેલી હોય છે.

## ➤ ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની સૌથી ઊંચી પ્રતિમાનું લોકાર્પણ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **ઉત્તરપ્રદેશ**ના **વારાણસી** ખાતે **પંડિત દીનદયાળ ઉપાધ્યાય મેમોરિયલ સેન્ટર**નું લોકાર્પણ કર્યું હતું. આ અંતર્ગત તેમણે અહીંથી **પંડિત દીનદયાળ ઉપાધ્યાય**ની **63 ફૂટ ઊંચી પ્રતિમા**નું અનાવરણ કર્યું હતું. જે **પંડિત દીનદયાળ ઉપાધ્યાય**ની ભારતમાં બનેલી **સૌથી ઊંચી** પ્રતિમા છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## ICE Questions

- વર્ષ 2020-21 માટે ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે ગુજરાતના ખેડૂતોએ કયા પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે ? – આઈ ખેડૂત (www.ikhedut.gujarat.gov.in)
- ગુજરાતના કયા શહેરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 25મા વસંતોત્સવનો શુભારંભ કરાવ્યો હતો ? – ગાંધીનગર
- ફેબ્રુઆરી, 2020 દરમિયાન ગુજરાતના કયા શહેરમાં 'સરસ મેળા'નું આયોજન થયું હતું ? – અમદાવાદ
- ફેબ્રુઆરી, 2020 દરમિયાન ગુજરાતમાં અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કોની સહાયતા માટે 'સરસ મેળા'નું આયોજન થયું હતું ? – ગ્રામીણ સ્વસહાય જૂથો
- તાજેતરમાં ગુજરાતના કયા સ્થળે વિશ્વ કક્ષાના ઝુલોજીકલ સફારી પાર્કનો પ્રારંભ થયો છે ? – સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા કોલોની
- ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે શરૂ થયેલા ઝુલોજીકલ સફારી પાર્કને શું નામ આપવામાં આવ્યું છે? – સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક
- ભારતમાં ખેડૂતો માટેની કઈ યોજના હવે મરજીયાત કરવામાં આવી છે ? – પ્રધાન મંત્રી ફસલ (અથવા તો પાક) વીમા યોજના
- ભારતમાં 'પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના'નો પ્રારંભ ક્યારથી થયો હતો ? – 13 જાન્યુઆરી, 2016
- 'પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના' અંતર્ગત અગાઉ કેન્દ્ર રાજ્યનો હિસ્સો 50-50 ટકા હતો...જોકે તાજેતરમાં થયેલા નિર્ણય મુજબ પૂર્વોત્તરના રાજ્યો માટે આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર કેટલા ટકા હિસ્સો આપશે ? – 90 ટકા
- ભારતના કયા રાજ્યમાંથી લિથિયમનો આશરે 14000 ટન જેટલો હિસ્સો મળી આવ્યો છે ? – કર્ણાટક
- કર્ણાટકના કયા સ્થળેથી લિથિયમનો આશરે 14000 ટન જેટલો હિસ્સો મળી આવ્યો છે ? – માંડિયા
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા શહેરમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ભારતની સૌથી ઉંચી પ્રતિમાનું લોકાર્પણ કર્યું છે ? – વારાણસી, ઉત્તરપ્રદેશ
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની કેટલા ફૂટ ઉંચી પ્રતિમાનું લોકાર્પણ કરાવ્યું છે...કે જે તેમની ભારતની સૌથી ઉંચી પ્રતિમા છે ? – 63 ફૂટ
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા શહેરમાં 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય મેમોરિયલ સેન્ટર'નું લોકાર્પણ કર્યું છે ? – વારાણસી, ઉત્તરપ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ચીનના વુહાન શહેર બાદ તાજેતરમાં કોરોના વાઈરસના કારણે ઈટાલીના કયા શહેરમાં તાળાબંધી કરવામાં આવી છે? – કોડોગ્નો
2. કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા વર્ષ 2018-19ના 'સ્કૂલ એજ્યુકેશન એન્ડ લીટરસી પર્ફોમન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ'માં ગુજરાત કયા ક્રમે છે ? – બીજા
3. કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા વર્ષ 2018-19ના 'સ્કૂલ એજ્યુકેશન એન્ડ લીટરસી પર્ફોમન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ'માં પ્રથમ ક્રમે ભારતનું કયું રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશ છે ? – ચંદીગઢ
4. 'ડેલોયના ગ્લોબલ પાવર્સ ઓફ રિટેલિંગ 2020 ઈન્ડેક્સ' મુજબ વર્ષ 2013થી 2018 દરમિયાન વિશ્વની સૌથી ઝડપથી આગળ વધતી 50 કંપનીમાં કઈ કંપની પ્રથમ ક્રમે છે ? – રિલાયન્સ રિટેલ
5. તાજેતરમાં કયા દેશમાં ટી-20 મહિલા વર્લ્ડ કપ 2020નો પ્રારંભ થયો છે ? – ઓસ્ટ્રેલિયા
6. ICC ટી-20 મહિલા વર્લ્ડ કપ 2020માં ભારતે પોતાની પ્રથમ મેચમાં કઈ ટીમને પરાજય આપ્યો છે ? – ઓસ્ટ્રેલિયા
7. તાજેતરમાં ભારતના કયા લેફ્ટ આર્મ સ્પિનરે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ? – શ્રી પ્રજ્ઞાન ઓઝા
8. કોમ્પ્યુટરમાં વપરાતી 'કંટ્રોલ સી' (Ctrl + C) અને 'કંટ્રોલ વી' (Ctrl + V)ના કયા શોધકનું તાજેતરમાં નિધન થયું છે ? – શ્રી લેરી ટેસ્લર
9. કંટ્રોલ સી અને કંટ્રોલ વીના જનક શ્રી લેરી ટેસ્લરનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ કયા દેશમાં થયો હતો ? – અમેરિકા
10. ભારતમાં હાલ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા અથવા તો RBIનું નાણાકીય વર્ષ ક્યાંથી ક્યાં સુધીનું હોય છે ? – જુલાઈથી જૂન
11. RBIના ડાયરેક્ટરની બેઠકમાં RBIનું નાણાકીય વર્ષ જુલાઈ-જૂનથી બદલીને ક્યું કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે ? – એપ્રિલથી માર્ચ (એટલે કે 1 એપ્રિલથી 31 માર્ચ સુધીનું)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. યુનિયન ઓફ યુરોપિયન ફૂટબોલ એસોસિએશને કઈ ફૂટબોલ ક્લબ પર 'યુએફા' ચેમ્પિયનશિપ રમવા માટે બે વર્ષનો પ્રતિબંધ મૂકતાં ફૂટબોલ વિશ્વમાં સનસનાટી ફેલાઈ ગઈ છે ? – માંચેસ્ટર સિટી ક્લબ
(UEFA ચેમ્પિયનશિપમાં કરવામાં આપતા ખર્ચની જોગવાઈઓ અંગેના 'ફાઈનાન્સિયલ ફેર પ્લે'ના નિયમના ભંગ બદલ એટલે કે પોતાની ટીમને વધુ મજબૂત બનાવવા માટે નિયમ કરતા વધુ પૈસા ખર્ચવાના આરોપસર માન્ચેસ્ટર સિટી ક્લબ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.)

13. ગુજરાતના કયા જિલ્લાના કયા ગામમાં આશરે રૂ. 100 કરોડના ખર્ચે સોલાર પ્લાન્ટ સ્થાપવા માટે વારે ગ્રૂપ દ્વારા કરાર થયા છે ? – વલસાડ જિલ્લાના માંડા ગામમાં

14. તાજેતરમાં ભારત બહાર કયા શહેરમાં અથવા તો કયા દેશમાં યોગ યુનિવર્સિટીનો પ્રારંભ થયો છે ? – લોસ એન્જલસ, અમેરિકા

15. વિશ્વના આરબ દેશોમાંથી કયા દેશમાં પ્રથમ આરબ અણુ ઊર્જા પ્લાન્ટ સ્થપાશે ? – સંયુક્ત આરબ અમિરાત (UAE)

16. આરબ દેશોના કયા પ્રથમ અણુ ઊર્જા પ્લાન્ટની સ્થાપના માટે UAE દ્વારા લાઈસન્સ આપવામાં આવ્યું છે ? – બરાખા અણુ ઊર્જા પ્લાન્ટ

17. 1 માર્ચ, 2020ના રોજ ગુજરાતના કયા ડુંગર પર પ્રથમ આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન થયું હતું ? – પાવાગઢ (પંચમહાલ)

18. પાકિસ્તાનને FATFના કયા લિસ્ટમાં યથાવત્ રાખવામાં આવ્યું છે ? – ગ્રે

19. FATFનું પૂરું નામ શું છે ? – Financial Action Task Force

20. તાજેતરમાં ચર્ચામાં રહેલ FATFનું વડું મથક કયાં આવેલું છે ? – પેરિસ, ફ્રાન્સ

21. એશિયન રેસલિંગ (કુસ્તી) ચેમ્પિયનશિપમાં ભારતના કયા ખેલાડીને ગોલ્ડ મેડલ મળ્યો છે ? – શ્રી સુનિલ કુમાર
(એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપની 87 કિગ્રા વજન વર્ગની ગ્રીકો રોમન સ્ટાઈલમાં કિર્ગિસ્તાનના શ્રી અઝાત સાલિદિનાવને પરાજય આપીને શ્રી સુનિલ કુમારે ભારતને આ સ્પર્ધામાં 27 વર્ષ બાદ આ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.)

22. ભારતના કયા બે દોડવીરોએ ભેંસ દોડ (કમ્બાલા)માં વિશ્વ વિક્રમી સ્પ્રીન્ટર શ્રી ઉસેન બોલ્ટથી પણ વધુ ઝડપથી 100 મીટર દોડ પૂરી કરી હોવાનો દાવો થયો હતો ? – શ્રી શ્રીનિવાસન ગૌડા અને શ્રી નિશાંત શેટ્ટી
(જેમાંથી શ્રી શ્રીનિવાસન ગૌડાને કર્ણાટકના મુખ્યમંત્રીશ્રીએ રૂ. ત્રણ લાખનું ઈનામ આપ્યું હતું.)

23. 'લેટ મી સે ઈટ નાઉ' પુસ્તકના લેખકનું નામ શું છે ? – શ્રી રાકેશ મારિયા
('લેટ મી સે ઈટ નાઉ' મુંબઈ પોલીસના પૂર્વ કમિશનર શ્રી રાકેશ મારિયાની આત્મકથા છે. તેમણે આ પુસ્તકમાં 26/11ના મુંબઈના આતંકવાદી હુમલા અંગે અનેક ચોંકાવનારા ખુલાસાઓ કર્યા છે. આથી, આ પુસ્તક હાલ ચર્ચામાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

24. ભારતમાં કયા ટ્રસ્ટે સફાઈકર્મીઓ માટે 'મિશન ગરિમા' લોન્ચ કર્યું છે ? – તાતા ટ્રસ્ટ

(શ્રી રતન તાતાએ ઈન્સ્ટાગ્રામ પર આ અંગે એક વીડિયો શેર કર્યો હતો. આથી તે ચર્ચામાં રહ્યું હતું.)

25. તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલી એશિયન કુસ્તીની ગ્રીકો રોમન ઈવેન્ટમાં ભારતના શ્રી સુનિલ કુમારે 27 વર્ષ બાદ ગોલ્ડ મેડલ અપાવ્યો છે ? – નવી દિલ્હી

26. નોઈડા ખાતે યોજાયેલ 'નેશનલ યુથ ફેસ્ટિવલ'ની સ્કીટ સ્પર્ધામાં ગુજરાતની કઈ યુનિવર્સિટીને પ્રથમ સ્થાન મળ્યું છે કે જે આ સ્પર્ધામાં 35 વર્ષમાં પ્રથમ સ્થાન મેળવનારી ગુજરાતની એકમાત્ર યુનિવર્સિટી બની છે ?

– GTU (Gujarat Technological University)

27. 26 માર્ચ, 2020ના રોજ ભારતના 17 રાજ્યોમાં કુલ કેટલી બેઠકો માટે રાજ્યસભાની ચૂંટણી યોજાશે ? – 55

28. લિમિટેડ ઓવરની ક્રિકેટ મેચમાં તમામ 10 વિકેટ ઝડપનાર ભારતના પ્રથમ મહિલા ક્રિકેટર કોણ છે ?

– સુશ્રી કાશવી ગૌતમ

(સુશ્રી કાશવી ગૌતમે BCCI અંડર-19 વનડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચંદીગઢ તરફથી રમતા અરૂણાચલ પ્રદેશ વિરુદ્ધ આ સિદ્ધિ મેળવી છે.)

29. ભારતના કયા રાજ્યમાં વર્ષ 2021માં જાતિ આધારિત વસતી ગણતરી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?

– બિહાર

30. ભારતના કયા રાજ્યમાં મહિલાઓ માટે અલગથી દારૂની દુકાનો શરૂ કરવામાં આવશે ? – મધ્યપ્રદેશ

31. તાજેતરમાં ભારતના પ્રવાસ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની કઈ સંસ્થા ભારતના નવી દિલ્હી ખાતે પોતાની ઓફિસ શરૂ કરશે તેવી જાહેરાત કરી હતી ?

– U.S. International Development Finance Corporation

32. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે કેટલા અબજ ડોલરના સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર થયા હતા ? – 3 અબજ ડોલર

33. કોરોના વાયરસના કારણે જાપાનના યોકોહામામાં કયા ક્રૂઝ શિપમાં અલગ રાખવામાં આવેલા 119 ભારતીય નાગરિકોને એર ઈન્ડિયાની ફ્લાઈટ દ્વારા ભારત પરત લાવવામાં આવ્યા છે ? – ડાયમંડ પ્રિન્સેજ ક્રૂઝશિપ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# A COACHING CLASS FOR GOVERNMENT JOB

## ગાંધીનગર

Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006

**CALL : 81406-01110 / 81407-01110**

## રાજકોટ

**HEAD OFFICE**
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT

**MO. 93757-01110 / 93280-01110**

## જૂનાગઢ

Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001

**CALL : 76985-01110/76986-01110**

## અમદાવાદ

127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009

**CALL : 8469501110/8469601110**

## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- STI
- PI
- PSI/ASI
- Dy. S.O.
- Dy.MAM.
- TALATI
- CONSTABLE
- IBPS
- SBI
- PO
- CLERK

Website iceonline.in
JOIN TELEGRAM t.me\icerajkotofficial
YouTube icerajkot
Facebook icerajkot
INSTAGRAM icerajkot